EDII

Prabhat

April 08, 2026
Page No. 02

# ઈડીઆઈઆઈ દ્વારા એઆઈસીટીઈ અને એમઆઈસીનું ત્રીજું આઈડીઈ બૂટકેમ્પ ૨૦૨૬ આયોજિત

અમદાવાદ,

દેશભરના વિદ્યાર્થીઓમાં નવીનતા, ડિઝાઈન થિંકિંગ અને ઉદ્યોગસાહસિક ક્ષમતાઓ વિકસે તે હેતુથી અમદાવાદ સ્થિત એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા 'ઈનોવેશન, ડિઝાઈન એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ' (આઈડીઈ) વિષયક ત્રીજા સંસ્કરણનું બૂટકેમ્પ ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહ્યું છે. આ બૂટકેમ્પનું આયોજન અખિલ ભારતીય તકનીકી શિક્ષણ પરિષદ (એઆઈસીટીઈ) અને શિક્ષણ મંત્રાલયની ઈનોવેશન સેલ (એમઆઈસી) દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું અમલીકરણ વાધવાની ફાઉન્ડેશનના સહકારથી કરવામાં આવી રહ્યું છે, જેમાં એસબીઆઈ ફાઉન્ડેશન સંસ્થા ભાગીદાર તરીકે સહયોગ આપી રહી છે.



બૂટકેમ્પનું ઉદ્ઘાટન સત્ર ૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાયું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાની ઉપસ્થિતિ રહી હતી. આ અવસરે શ્રી મિતેશ વાઘેર, સેન્ટર ઈન-ચાર્જ અને ઈનોવેશન ફેલો, અમદાવાદ ઈનોવેશન સેન્ટર, ઈનોવેશન સેલ, અખિલ ભારતીય તકનીકી શિક્ષણ પરિષદ (એઆઈસીટીઈ), શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર; ડૉ. શીનુ જૈન, માસ્ટર ટ્રેનર, વાધવાની ફાઉન્ડેશન; ડૉ. કાવ્યા સૈની, માસ્ટર ટ્રેનર, વાધવાની ફાઉન્ડેશન અને ડૉ. સત્ય રંજન આચાર્ય, ડિરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઑફ એન્ટરપ્રેન્યોરશિપ એજ્યુકેશન, ઈડીઆઈઆઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્ઘાટન સત્રમાં ૧૪ રાજ્યોમાંથી આવેલા ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં જમ્મુ અને કાશ્મીર સહિત વિવિધ વિસ્તારોના વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. આ ભાગીદારી દ્વારા ટિયર-૨ અને ટિયર-૩ શહેરો સહિત દેશના અલગ-અલગ પ્રદેશોથી સંતુલિત પ્રતિનિધિત્વ સુનિશ્ચિત થયું હતું.

વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રોત્સાહિત કરતાં ડૉ. સુનીલ શુક્લાએ જણાવ્યું હતું, "ઉદ્યોગસાહસિકતા માત્ર એક વિષય નથી, પરંતુ તે એક વિચારસરણી અને જીવનકૌશલ્ય છે. છેલ્લા દાયકામાં આ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને વિદ્યાર્થીઓમાં તેની પ્રત્યેનો રસ સતત વધી રહ્યો છે. સફળતા હોય કે નિષ્ફળતા — બંનેમાંથી શીખવા મળે છે. સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે કઈ કૌશલ્યો જરૂરી છે તે સમજવાની તીવ્ર ઈચ્છા વિદ્યાર્થીઓમાં હોવી જોઈએ. હું તમામ વિદ્યાર્થીઓને અનુરોધ કરું છું કે તેઓ તેમના શિક્ષકો-માર્ગદર્શકો તેમજ સાથી વિદ્યાર્થીઓ પાસેથી સક્રિય રીતે શીખે."

આ પહેલના વ્યાપ અને અસર પર પ્રકાશ પાડતા શ્રી મિતેશ વાઘેરે જણાવ્યું હતું, "આઈડીઈ બૂટકેમ્પના પહેલા બે સંસ્કરણોમાં દેશના ૪૬ સ્થળોએ ૧૦,૦૦૦થી વધુ ભાગીદારોને તાલીમ આપવામાં આવી છે. હવે આ પાંચ દિવસીય બૂટકેમ્પને ત્રણ તબક્કામાં દેશના ૩૦ સ્થળોએ યોજવામાં આવશે, જેથી વધુ લોકોને પહોંચ મળી શકે અને વિવિધ પ્રદેશોના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય. આ કાર્યક્રમનો મુખ્ય વિષય દર્શાવે છે કે ડિઝાઈન વિકાસ માટે એક શક્તિશાળી સાધન બની શકે છે. ૨૦૨૩માં માનનીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા શરૂ કરાયેલ આ કાર્યક્રમએ દેશભરમાં મહત્વપૂર્ણ અસર પેદા કરી છે."